# IIT-Gn ખાતે ઓપન હાઉસમાં સ્ટુડન્ટ્સે IIT વિશે જાણ્યું



ભારતભરમાથી આવેલાં સ્ટુડન્ટ્સે આઈઆઈટીમાં પ્રવેશ અંગે માર્ગદર્શન ઓપનહાઉસમાં મેળવ્યું હતું.

સિટી રિપોર્ટર @ahm_cb

દેશની ટોચની એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ આઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજી) માં એડમિશન માટે જેઈઈ એક્ઝામ આપ્યા બાદ પણ વિદ્યાર્થીઓની એક નવી જ સમસ્યા સામે છે. આઈઆઈટી કઈ બ્રાંચમાં પ્રવેશ લેવો? આઈઆઈટીની એડમિશન પ્રોસેસ, સ્ટડી મેથડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લેસમેન્ટ રેસિયો જેવા વિવિધ પ્રશ્નો એડમિશન પહેલા વિદ્યાર્થીઓને બ્રેઈન સ્ટ્રોમિંગ કરાવતા હોય છે. વિદ્યાર્થીઓને મુંઝવતા આ દરેક પ્રશ્નોના જવાબ માટે આઈઆઈટી ગાંધીનગર દ્વારા 'ઓપન હાઉસ'નું આયોજન કરીને આપ્યા હતા. આઈઆઈટી ગાંધીનગરના પાલજ કેમ્પસ ખાતે જેઈઈના વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સ અને આઈઆઈટીમાં પ્રવેશ અંગે માર્ગદર્શન આપવા માટે ઓપન હાઉસનું આયોજન કર્યું હતુ. જેમાં ભારતભરમાંથી વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી આપીને આઈઆઈટી ગાંધીનગરના કેમ્પસ વિશે જાણ્યું હતુ. આઈઆઈટી ફેકલ્ટી, સ્ટુડન્ટ્સ દ્વારા વિદ્યાર્થીઓને આઈઆઈટીમાં પ્રવેશને લઈને મુંઝવતા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ઓપન હાઉસમાં ભાગ લેવા માટે અરવલ્લી જિલ્લામાંથી આવેલા વેદાંત જોષીએ કહ્યું કે, 'આઈઆઈટીની પ્રવેશ માટેની પ્રોસેસ અને વિવિધ બ્રાંચ વિશે આઈઆઈટી-જીએન દ્વારા યોજાયેલા ઓપન હાઉસમા પાયાની માહિતી અપાઈ હતી.

**Title: IIT-Gn ખાતે ઓપન હોઉસઈમાં સ્ટુડન્ટસેIIT વિશે જણયું**

**Source: Divya Bhaskar/City Bhaskar Page No.01**
**Date: 06.06.2017**